ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર ગણેશજીનું સ્થાપન

ભિલોડા તાલુકામાં ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે ગણેશજીની અવનવી મુર્તીઓનું વિધિવિધાન પુર્વક શ્રધ્ધાભેર સ્થાપન કરાયું છે. ગણેશ મહોત્સવના પ્રારંભે ગણેશજીની ઠેર-ઠેર ભવ્ય શોભાયાત્રા બેન્ડ-વાજાની શુરાવલી વચ્ચે વાજતે ગાજતે નીકળી હતી. વિઘ્નહર્તા, મંગલકર્તા ગણપતિ ગજાનંદ દેવની ભક્તિ આરાધનામાં લીન થવાનો તહેવાર એટલે જ ગણેશચર્તુર્થીના પાવન પર્વ નિમિત્તે ઠેર-ઠેર ગણેશજીની અવનવી મુર્તીઓનું સ્થાપન વિધિવિધાન પુર્વક કરાયું હતું. ભાવિક ભક્તો ગણેશમય બની ગયા હતા. ગણેશ ચતુર્થીના પ્રથમ દિવસે જ ગણેશજીનું સ્થાપન કરી ભાવિક ભક્તોએ પુજા, અર્ચના, પ્રાર્થના, આરતી કરી પ્રસાદીરૂપે મોતીચુરના લાડુ અને ગણેશજીને પ્રિય એવા મોદકના લાડુનો ભોગ ધરાવી ભાવિક ભક્તો ગણપતી ગજાનંદના દર્શનાર્થે ભક્તો ઉમટી પડ્યા હતા. ગણેશજીના ભાવિક ભક્તોનો મોટો સમુદાય તહેવારની ઉજવણીમાં મશગુલ બની જતાં બજારોને પણ નવું જોમ મળ્યું છે.

ડીસા શહેરમાં વિવિધ મંડળો દ્વારા ગણેશજીની સ્થાપના કરાઈ

ડીસા, તા.૨

ભાદરવા સુથ ચોથના ગણેશ ચતૃથીના દિવસે સમગ્ર દેશમાં ગણપતિ બાબાની મૂર્તિઓનું શાસ્ત્રોક્ત વિધી પ્રમાણે સ્થાપના કરવામાં આવે છે ત્યારે ડીસા શહેરમાં વહેલી સવારથી શુભ મુર્હુતમાં ઢોલ નગારા સાથે વરઘોડો કાઢી વિવિધ જગ્યાએ મંડળો દ્વારા તેમજ શોપિંગ સેન્ટર માં દુકાનદારો દ્વારા મુર્હુત પ્રમાણે ગણેશજીની વાજતેગાજતે સ્થાપના કરવામાં આવી હતી.

ડીસા શહેરમાં વસતા લોધા સમાજ મિત્રમંડળ દ્વારા રાજપુર લોધાવાસ હરીહર મહાદેવના મંદિરે ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. મંડળના સભ્યો દ્વારા સતત સાત દિવસ સુધી રોજ રાત્રે રાસ-ગરબા તેમજ આરતી તેમજ પ્રસાદ કરવામાં આવશે. ત્યાર બાદ ભાદરવા સુદ ૧૧ને દિવસે ગણપતિ બાપાની મૂર્તિ નું રંગે ચંગે વિસર્જન કરવામાં આવશે ત્યારે ગત રોજ સ્થાપનાને લઈ લોધા પરિવારમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

ડીસા શહેરમાં શ્રાવણ માસ પૂર્ણ થતાં શહેરવાસીઓ શ્રીગણેશમય બન્યા જેમાં ડીસા નગરજનોએ રવિવારના દિવસે ગણેશજીની મૂર્તિઓ ખરીદી હતી ત્યારે સોમવારે વહેલી સવારથી નગરવાસીઓ જય ગણેશ જય ગણેશના નારા સાથે પોત પોતાના ઘરે ગણેશજીની શાસ્ત્રોકત વિધિ પ્રમાણે ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી.

ડીસા રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા કાંતિલાલ લોધા અશિયા પરિવાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગેશજીની વાજતે ગાજતે સ્થાપના કરવામાં આવી હતી.

વડગામ પંથકમાં ઠેર ઠેર "શ્રીજી"ની શોભાયાત્રા નિકાળી સ્થાપના કરાઈ

વડગામ, તા. ૨

વડગામ તાલુકાના વડગામ, મેમદપુર, પાંચડા, પેપોળ, પિલુચા, રૂપાલ, છાપી સહીતના ગામડાઓમાં ગણેશજીની

શોભાયાત્રા નિકળી હતી.

વડગામ સહીત તાલુકાના મોટાભાગના ગામડાઓ ગણપતદાદાની કલાત્મક મૂર્તિઓ સાથે શોભાયાત્રા નિકળી હતી. શોભાયાત્રામા ડી.જે. સાઉન્ડના તાલે યુવાધન નાચતા કૂદતાં ગામડાઓના જાહેર માર્ગો ઉપર ફરીને ગણપતદાદાની શોભાયાત્રા નિકાળી હતી અને સ્થાપના કરીને ૧૦ દિવસ સુધી ભજન, રાસ, ગરબા સાથે આરતી ઉતારીને ગણપતિ દાદાના મહોત્સવ ધામધૂમથી ઉજવવા લોકો ઘેલા બન્યા છે. વડગામ બ્રહ્માણી યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

અંબાજી ખાતે ગણેશ આશ્રમ મંદિરમા મહાયજ્ઞ અને ભંડારાનું આયોજન

ગુજરાત ના લોકપ્રિય શક્તિપીઠ અંબાજી મા માતાજી નું ભવ્ય ગોલ્ડન શક્તિપીઠ આવેલું છે ,આ મંદિર મા ૩૫૮ સુવર્ણ કળશ લાગેલા હોઈ આ ધામ ગોલ્ડન શક્તિપીઠ તરીકે આખા વિશ્વ મા પ્રખ્યાત છે ,આ ધામ મા માતાજી ના મંદિર સિવાય વિવિધ ભગવાન ના મંદિરો આવેલા છે આજે ગણેશ ચતુર્થી ના દિવસે દાંતા રોડ ઉપર આવેલા ગણેશ મંદિર ખાતે ભક્તો ની ભારે ભીડ જોવા મળી હતી અહીં ગાયો માટે ગૌ શાળા પણ આવેલી છે. આજે વહેલી સવારે ગણેશચતુર્થી ના પાવનપર્વે ગણેશ ગૌશાળા ની પવિત્રભુમી પર મહાયજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમા વિદ્વાન બ્રાહ્મણોં દ્વારા હવન કરવામાં આવ્યો હતો આ મંદિર ના મહંત રામ દાસ જી મહારાજ સાથે કોટેશ્વર મહંતશ્રી ડો.વિશ્વંભરદાસજી મહારાજે આશીર્વચન આપ્યા હતા. દર્શન આરતી બાદ ભાવિક ભક્તો એ મહાપ્રસાદ નો લાભ લીધો હતો, આ સાથે અંબાજી મંદિર મા આવેલા સિદ્ધિ વિનાયક મંદિર મા પણ શણગાર કરવામાં આવ્યો હતો અને ભગવાન ને ભોગ પણ ધરવામાં આવ્યો હતો

પ્રાંતિજ ખાતે ગણપતિ બાપ્પા મોરિયાના જયધોષ સાથે વાજતે ગાજતે ઠેર ઠેર ગણપતિ દાદાનું સ્થાપન

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લા સહિત જિલ્લાઓમાં ગણેશ મહોત્સવની દરવર્ષની જેમ ગણેશ મહોત્સવની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી છે, ત્યારે પ્રાંતિજ ખાતે પણ ઠેરઠેર ગણપતિ બાપ્પા મોરિયાના જયધોષ સાથે ઘરે-ઘરે તથા વિવિધ યુવક મંડળો દ્વારા સાર્વજનિક સ્થાપના કરવામાં આવી છે.

માયા નગરી સહિત દેશભરમાં ભગવાન ગણેશની મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી રહી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પણ ઠેરઠેર ભગવાન ગણેશની મૂર્તિઓનુ સ્થાપના કરવામાં આવી રહી છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ દરવર્ષની જેમ ગણપતિદાદાની મૂતિઓને તેમણાં પંડાવ સુધી લાવવા માટે વિવિધ યુવક મંડળો દ્વારા ઢોલ નગારા ડીઝેના તાલ સાથે લઈ જવામાં આવી હતી. જેમાં ગોપીનાથ સોસાયટી, ગજાનંદ સોસાયટી, રેલ્વેસ્ટેશન, પંડયા પોળ તથા આંટીયાવાસ ખાતે સ્થાપના કરવામાં આવી છે.

ત્યારે આંટાવાસના લાલ બાદશાહ તરીકે ઓળખાતાં ગણપતિબાપ્પાની મૂર્તિનો પણ વરઘોડો આંટીયાવાસ યુવક મંડળ દ્વારા ગામમાં ફેરવી દર વર્ષની જેમ વાજતે ગાજતે ડીઝેના સંગ સાથે પંડાવ સુધી લઈ જવામાં આવ્યો હતો અને દસ દિવસ માટે સ્થાપના કરવામાં આવી છે. જેમાં ગણેશભકતો સહિત ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ જગ્યાઓ ઉપર દરવર્ષની જેમ ભગવાન શ્રી ગણેશની મૂર્તિઓનું યુવક મંડળો દ્વારા સ્થાપના કરવામાં આવ્યું છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ગણપતિદાદાનું વાજતે-ગાજતે સ્વાગત

મેઢાસણ ગણપતિ મંદિરે લોકોમેળો ભરાયો : બેન્ડવાજા, ડી.જે. અબીલ-ગુલાલની છોળો વચ્ચે ભવ્યશોભા યાત્રાઓ

અરવલ્લી-સાબરકાંઠા દિવસે ઠેર-ઠેર વિઘ્નહર્તા

જિલ્લામાં સોમવારે ગણેશચતુર્થીના ગણેશજીની પ્રતિમાનું સ્થાપન વાજતે-ગાજતે કરવામાં આવ્યું હતું. બંને જિલ્લાના વાતાવરણમાં ગણપતિબાપા મોરિયાના જયઘોષ ગુંજી ઉઠ્યા હતા. દુંદાળા દેવ, વિઘ્નહર્તા ગણપતિદાદાના ભકજનો દ્વારા જાહેરસ્થળોએ, ધંધા-રોજગાર સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ અને ઘરે-ઘરે ગણપતિ દાદાની સ્થાપના કરી ભક્તિમાં લીન બની ગયા હતા. બંને જિલ્લાના મુખ્ય શહેરમાં વિવિધ ગણપતિ મંડળ દ્વારા ૧૦ દિવસ સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણ મહિનામાં ભક્તો શિવભક્તિમય બન્યા હતા, હવે ગણેશભક્તિનો પ્રારંભ થતા વાતાવરણ ભક્તિમય બન્યું છે. છેલ્લા ચાર વર્ષથી ૧૨ વર્ષનો કિશ માટીના ઘરે ગણેશ બનાવી સ્થાપના કરે છે અને પર્યાવરણને ધ્યાને રાખી ઘરે જ ગણપતિનું વિસર્જન કરે છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ગણેશમહોત્સવ અને ગણેશ સ્થપાનાની ઉજવણી

ઉમંગભેર કરવામાટે ગણેશજીના ભક્તોએ મહિના અગાઉથી તૈયારીઓ હાથ ધરી સોમવારે ગણેશચતુર્થીના દિવસે બેન્ડ અને ડી.જે.ના તાલે ઠેર-ઠેર સ્વાગત કરી સ્થાપન કરવામાં આવ્યું હતુ. અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા, માલપુર, મેઘરજ, બાયડ, ભિલોડા, ધનસુરા, સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર, ઈડર સહીત બંને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ યુવક મંડળો દ્વારા દુંદાળાદેવ ગણપતિ દાદાની મૂર્તિનું રંગે ચંગે સ્થાપન કરતા વાતાવરણ ગણેશમય બની ગયું હતું. મોડાસા તાલુકાના મેઢાસણ ગામે આવેલા રિદ્ધિ-સિદ્ધિ ગણપતિ દાદાના મંદિર ગણેશચતુર્થી નીમિતે વિઘ્નહર્તા ગણપતિદાદાના દર્શનાર્થે ભક્તો વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું અને મંદિર નજીક પરંપરાગત રીતે ભારત લોકમેળામાં લોકોએ લુમ ઉઠાવ્યો હતો.

બંને જિલ્લાના યુવક મંડળો દ્વારા ગણેશમહોત્સવને યાદગાર બનાવવા રાત્રી દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોડાસા શહેરમાં રામપાર્ક યુવક મંડળ, મેઘરજ રોડ પર યુથ જંકશન, સાંઈ ગ્રુપ, ભોઈવાડા, અમરદીપ, કડીયાવાડા, નાલંદા-૨, બાળકદાસજી મંદિર યુવક મંડળ અને ડીપ વિસ્તારમાં આવેલા મનોકામના ગણપતિ મંદિર દ્વારા ભગવાન વિનાયકની ઈકો ફેન્ડલી મૂર્તિએ શોભાયાત્રામાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું.

બાયડમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાએ ગણેશ સ્થાપન સાથે બ્લડ ડોનેશન કેમ્પ યોજ્યો

ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેના બાયડ અને ગણપતિ યુવક મંડળ, સ્ટેશન વિસ્તાર ચોઈલા દ્વારા આ વર્ષે ગણેશ ચતુર્થીના દિવસે ગણપતિના સ્થાપનાની સાથે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન શિબિર દ્વારા એકત્રિત કરાયેલ લોહી જરૂરિયાત મંદ લોકોને મફત પૂરું પાડવામાં આવશે. આ ધાર્મિક અને માનવીય સેવાકીય કાર્યક્રમમાં બાયડના પૂર્વ,ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, બાયડ તાલુકા ભાજપ પ્રમુખ માનસિંહ સોઢા પરમાર, ગુજરાત કોળી વિકાસ નિગમના ડિરેક્ટર ભૂપતસિંહ સોલંકી, સરપંચ એસોસિએશન પ્રમુખ અશોકસિંહ પગી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષે નવતર પ્રયોગ હાથ ધરવામાં આવે છે, ગયા વર્ષે ગણપતિના પ્રસાદરૂપે અમૃતપેય ઉકાળાનું આયોજન કરેલ હતું. આ વર્ષે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કર્યું હતું.

ખેડબ્રહ્માની સાઈવિલા સોસાયટીમાં ચોરી

ધોધમાર વરસાદનો ફાયદો ઉઠાવી તસ્કરો હાથ ફેરો કરી ગયા

ખેડબ્રહ્મા શહેરના વાસના

રોડ ઉપરની સોસાયટીમાં સિવિલ હોસ્પિટલના નર્સના ઘરનો રસોડાનો દરવાજો તોડી ઘરમાં ઘરવખરી વેરવિખેર કરી ૨૬ હજારની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા.

ખેડબ્રહ્મની સાઈવિલા સોસાયટીમાં રહેતા સરોજબેન ઈશ્વરભાઈ ડામોર ૩૦ ઓગસ્ટના રોજ જૈસલમેર ફરવા માટે ગયા હતા અને સોમવાર સવારે ૨.૩૦ વાગે આવેલ અને તેમની દીકરી તેમના પિતાજીના ઘરે હોઈ તેઓ પણ તેમના પિતાજીના ઘરે સુઈ ગયા હતા સવારે ૯ કલાકે તેમની સામે રહેતા સંજયભાઈ બરન્ડાનો ફોન આવેલ અને જણાવેલ કે તમારાં ઘરમાં રસોડાનો દરવાજો ખુલ્લો છે જેથી સરોજબેન અને તેમના ભાઈ નરેશભાઈ ઘરે જઈ જોતા રસોડાની જાળી તોડી દરવાજો તોડી નાખેલ હતો અને અંદર બધી વસ્તુઓ વેરવિખેર પડી હતી. અંદરના રૂમમા તિજોરી પણ ખુલ્લી પડી હતી તેમને ડ્રેસિંગ ટેબલમાં મુકેલ રોકડ ૬ હજાર રૂપિયા અને સોનાની ૧ તોલાની ૩ જોડ બુટ્ટી ૨૦ હજારની ન મળી આવેલ જેથી સરોજબેને પોલીસ સ્ટેશન જાણ કરતા પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી અને મોડી સાંજે ડોગ સ્કોડ બોલાવી હતી પરંતુ ડોગ સ્કવોડ સોસાયટી બહાર પાછળ ના ભાગે ખેતર પાણી ભરેલ હતું ત્યાં સુધી જઈ પાછું ફર્યા હતા.

પાલનપુરના ટ્રસ્ટ સાથે ટ્રેનિંગ કોર્ષના બહાને ૧૩.૯૮ કરોડની છેતરપીંડી

રાજસ્થાનના જયપુર સ્થિત બિઝનેશ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાનાના પ્રમુખ સહિત ભળતા ટ્રેનિંગ સેન્ટરના સાત વહિવટકર્તાઓ સામે ફરિયાદથી ચકચાર

પાલનપુર ખાતે યુવક- યુવતીઓને કમ્પ્યુટર, સ્કિલ ડેવલપમેન્ટ સહિતના તાલિમ કોર્ષ કરાવી પ્રમાણપત્ર આપતા ટ્રસ્ટના પ્રમુખે રાજસ્થાનના જયપુર સ્થિત બિઝનેશ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સાથે એમઓયુ કરી પાલનપુર ઉપરાંત સમગ્ર ગુજરાતમાં ૪૮ સેન્ટરોમાં કોર્ષ શરૂ કર્યા હતા. જોકે, કાઉન્સિલના પ્રમુખ સહિતના વહિવટદારોએ તાલીમાર્થીઓની ફી, ડિપોઝિટ અને સ્કોલરશીપ તેમજ ઓફિસ ખર્ચના રૂપિયા ૧૩.૯૮ કરોડ ન આપી પાલનપુરના ટ્રસ્ટના પ્રમુખ સાથે છેતરપીંડી કરતાં ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર શહેરના બ્રિજેશ્વરી કોલોની ખાતે રહેતા પંકજકુમાર દુર્ગાશંકર શર્મા શ્રી એ. એસ. ફાઉન્ડેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ચલાવે છે. આ ટ્રસ્ટ થકી તેમણે રાજસ્થાનના બિઝનેશ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા સાથે કરાર કરી કોર્પોરેટર સોશિયલ રી-સ્પોન્સીબીલીટીની માહિતી મેળવી હતી. અને પાલનપુર સહિત સમગ્ર ગુજરાતમાં જુદી જુદી જગ્યાએ ૪૮ સેન્ટરો શરૂ કરી સ્કીલ ડેવલપમેન્ટ, બ્યુટીશીયન ટેલરીંગ, કમ્પ્યુટર ટ્રેનિંગના કોર્ષ શરૂ કર્યા હતા. જેમાં એક સેન્ટરના રૂપિયા ૩૨,૦૦૦ પ્રમાણે કુલ ૪૮ સેન્ટરના રૂપિયા ૧૫,૩૬,૦૦૦ જયપુરની બેંકમાં જમા કરાવ્યા હતા. તે બાદ આ વહિવટકર્તાઓએ જુદાજુદા કોર્ષ અંગે માહિતી આપી તે કોર્ષ શરૂ કરાવ્યા હતા. જેના નિભાવ પેટે તેમજ એમ. ઓ. યુ. પ્રમાણે પેઇડ પ્રોગ્રામ હેઠળના ૧૩૮૭૦ તાલીમાર્થીઓને એનરોલમેન્ટના રૂપિયા ૪,૩૮,૭૫,૦૦૦ ટ્રસ્ટના પેઆઉટના રૂપિયા ૧૦,૦૦૦, ચાર હજાર તાલીમાર્થી દીઠ સ્કોલરશીપ મળી કુલ રૂપિયા ૧૩,૯૮, ૮૬,૫૫૦ કરોડ પરત લેવાના છે. આ નાણાં પરત આપવા માટે ખોટા ચેકો બનાવી, ખોટા દસ્તાવેજો તૈયાર કરી અંતે નાણાં ન ચૂકવી છેતરપીંડી કરવામાં આવી હતી. આ અંગે છેતરપીંડીનો ભોગ બનેલા પાલનપુરના ટ્રસ્ટના પ્રમુખ પંકજકુમાર શર્માએ પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે રાજસ્થાનના જયપુર સ્થિત બિઝનેશ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનાના પ્રમુખ સહિત અન્ય ભળતા ટ્રેનિંગ સેન્ટર ઉભા કરી છેતરપીંડી આચરનારા સાત વહિવટકર્તાઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

અંબાજીમાં સ્વચ્છતા અંગે કલેકટરે સરપ્રાઈઝ વિઝિટ લઈ નિરીક્ષણ કર્યું

કેટલાક સ્થળોએ ગંદકી જોઇને અંબાજી ગ્રામ પંચાયતને કલમ-૧૩૩ અન્વયે નોટિસ ફટકારવામાં આવી : અધિકારીઓ સાથે તાત્કાલિક બેઠક બોલાવી રાઉન્ડ ધ કલોક ફરજ સોંપવામાં આવી

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના સાત દિવસીય મહામેળાનો તા.૮ મી સપ્ટેમ્બરથી વિધિવત પ્રારંભ થવાનો

છે. મહામેળામાં આવતા લાખો માઈભક્તો માટે વ્યાપક સ્તરે સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી રહી છે.

બનાસકાંઠા કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન શ્રી સંદીપ સાંગલે મેળાની વ્યવસ્થાઓ અંગે ઝીણવટભરી નજર રાખી અધિકારીઓને જરૂરી સૂચના અને માર્ગદર્શન આપે છે.

અંબાજી ખાતે સ્વચ્છતા કેવી રીતે જાળવવામાં આવે છે તે માટે કલેકટરશ્રીએ અચાનક જ અંબાજીની સરપ્રાઈઝ વિઝિટ લઈને વિવિધ સ્થળોએ પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. કેટલાક સ્થળોએ ગંદકી, કચરાના ઢગ, ઉભરાયેલી તથા ચોકઅપ થયેલી ગટરો રસ્તા પર ભરાયેલા ગંદા પાણી અને ખુલ્લામાં રખડતા પશુઓને જોઈને કલેકટરશ્રીએ સખત નારાજગી વ્યક્ત કરી અધિકારીઓની અર્જન્ટ મીટિંગ બોલાવી સ્વચ્છતા માટે રાઉન્ડ ધ કલોક ફરજ સોંપવામાં આવી હતી. ગંદકી કરનારા લોકો સામે તાકીદે કાર્યવાહી કરવા કલેકટરશ્રીએ અધિકારીઓને સૂચના આપી છે. કલેકટર શ્રી સંદીપ સાગલેને અંબાજીની સરપ્રાઈઝ વિઝિટ અને કેટલાક સ્થળોએ જોવા મળેલી ગંદકી વગેરે સંદર્ભે સબ ડિવીઝન મેજીસ્ટ્રેટશ્રી દાંતા દ્વારા અંબાજી ગ્રામ પંચાયતના સરપંચશ્રી અને સેક્રેટરીને સીઆરપીસી કલમ-૧૩૩ અન્વયે નોટિસ ફટકારી ઉપરોક્ત સંદર્ભે કારણો દર્શાવવા તા.૩-૯-૨૦૧૯ના રોજ ૧૧.૦૦ કલાકે તેમની કોર્ટમાં હાજર રહેવા જણાવાયું છે.

કલેકટર શ્રી સંદીપ સાગલેની અંબાજીની સરપ્રાઈઝ વિઝિટ દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી. જે. શાહ, નિવાસી અધિક કલેકટરશ્રી એલ.બી. બાંભણીયા, અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદારશ્રી એસ.જે. ચાવડા, દાંતા પ્રાંત અધિકારીશ્રી કુસુમબેન પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.